# જ્ઞાનવૈભવધારી
# સાતિશય શ્રુતજ્ઞાનના
# ધણી
# ભાવિ તીર્થાધિનાથના
# ભેટા કરાવનાર
# ચૈતન્યરત્ન
# પ્રશમમૂર્તિ
# ધન્યાવતાર
# પૂજ્ય બહેનશ્રી
# ચંપાબહેનના
# ૧૦૬મા મંગલકારી
# જન્મજયંતી મહોત્સવ
# પ્રસંગે
# શત શત વંદન



(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે ? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા ! એક–એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

*–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ*

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૬ : અંક-૨૬૧, વર્ષ-૨૪, ઑગસ્ટ-૨૦૧૯

## અષાઢ વદ ૧, રવિવાર, તા.૩-૦૭-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૬૭, પ્રવચન-૨૪

**'કુટુંબનો મોહ ત્યાગવા યોગ્ય છે.'** આત્માનુભવ કરવા માટે.

**इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहँ हेउ।**
**इम चिंततहँ किं करइ लहु संसारहँ छेउ।।६७।।**

**'આ કુટુંબ પરિવાર મારો નથી.'** ધર્માત્મા પોતાના આત્માનો યોગ, યોગ એટલે જોડાણ... જોડાણ કહે છે ને હિન્દી ભાષામાં? જોડવું. આત્મસ્વભાવમાં જોડાણ. યુજ, યુજ ધાતુ છે ને? યુજ. જોડવું. એવા આત્માના અંતર સ્વરૂપમાં એકાગ્ર થવા માટે ધર્માત્મા જીવોએ કુટુંબ પરિવાર મારો નિશ્ચયથી નથી, એ પરિવાર મારો છે નહિ, એને માટે રોકાઈને આત્મધ્યાન છોડવું નહિ, એમ કહે છે. હેં? જુઓને! કેટલા વર્ષ થયા? સંસાર એવો છે કે આવો?

**'આ ભાવ સુખદુઃખનું જ કારણ છે.'** જુઓ! એ કુટુંબ-પરિવાર ધુતારાની ટોળી મળી છે, કહે છે. પહેલા 'નિયમસાર'માં આવી ગયું છે ને? 'નિયમસાર'માં આવી ગયું છે. એના પેટ ભરવા માટે ટોળી મળી છે. જો ઠીક હોય તો ઠીક અને જો શરીરમાં કાંઈક (થયું તો) હાય.. ખવરાવવું, પીવરાવવું ને વેઠ (કરવી પડે છે). સમજાણું કાંઈ? **'આ ભાવ સુખદુઃખનું જ કારણ છે.'** સુખદુઃખ એટલે લૌકિક સુખદુઃખ, હોં! એ બધા સુખ-દુઃખ એટલે દુઃખનું જ નિમિત્ત છે. આખું કુટુંબ, બાયડી, છોકરા, કુટુંબ દુઃખનું જ નિમિત્ત છે. એના પાલનપોષણમાં વખત ગાળીશ નહિ, આત્મામાં રહેજે, એમ કહે છે.

મુમુક્ષુ : એને ભૂખે મરવા દેવાય?

ઉત્તર : ભૂખે કોણ મરતું હતું? એના પુણ્ય પ્રમાણે એને મળી રહેશે. 'ભગવાનજીભાઈ'! શું કરવું આમાં? કહે છે. લ્યો! 'યોગસાર' છે ને! આત્મામાં એકાગ્ર થવા માટે આ વસ્તુના પરિવારનો મોહ છોડજે, અંદરમાંથી આ મારા છે, એ કાઢી નાખજે. સમજાણું કાંઈ? એ તો એને કારણે આવ્યા ને એને કારણે ટકીને એને કારણે ચાલ્યા જાય. મારે ને એને કાંઈ સંબંધ નથી. એવો દૃષ્ટિમાં એકાકાર નહિ થાય તો એકાકાર યોગસાર નહિ થઈ શકે. હેં? શું કરવું પણ? સારા છોકરા હોય તો એના માટે થોડો કાળ ગાળવો કે નહિ?

**'આ પ્રમાણે કાંઈક વિચાર કરવાથી...'** જુઓ! **'इम किं चिंततहँ' 'સંસારનો છેદ શીઘ્ર જ કરાય છે.'** વારંવાર વિચાર. અરે..! શરીર મારું નથી તો શરીરને ઓળખનારા એ બધા મારા ક્યાંથી (હોય)? એ તો બિચારા એને ઓળખે છે. મને ક્યાં ઓળખે છે ઈ? હું કોણ છું એ ક્યાં જાણે છે? ઈ તો (જાણે છે કે), આ શરીર મારા બાપ ને આ મારી મા ને આ મારી બાયડી ને આ મારા પતિ.. શરીરને દેખીને કહે. આ શરીર એ મારો દીકરો, આ શરીર મારો બાપ, આ શરીર મારી બાયડી. ઈ શરીર એનો આત્મા

છે એને કોણ કહે છે? 'રવાણી'!

મુમુક્ષુ : સેવાભાવી છે.

ઉત્તર : સેવાભાવી છે, લ્યો, ઠીક! પોતાનું મૂકીને પણ ત્યાં ભાઈઓની સેવા કરવા રોકાણા. 'આંકડિયા'. સેવાભાવી ખરા ને! પણ સેવાભાવીનો અર્થ થયો કે નહિ, પોતાની સેવા મૂકીને પરની સેવા કરવાનો ભાવિ. એમ.

**'આ પ્રાણી ઇન્દ્રિય સુખના લોલુપી હોય છે. પોતાના સુખની પ્રાપ્તિમાં સહકારી પ્રાણીઓ પ્રત્યે તે મોહ કરે છે.'** એમ કહે છે. પોતે જે ઇન્દ્રિયના સુખનો કામી છે ને? એના જે સાધનો દેખે એનો મોહ છોડે નહિ. આ બધા નિમિત્ત છે, આ બધા સાધન છે. આ બધા બાયડી, છોકરા, પૈસા, આબરુ, મકાન, ધૂળધાણી એ બધા મારા સાધન છે. એમ માનનારા એનો મોહ છોડતો નથી. અને ઇન્દ્રિયના વિષયમાં સુખબુદ્ધિ છે અને એ સુખબુદ્ધિમાં સહકારી કારણને દેખીને એમાંથી રુચિ છોડતો નથી. કહો, 'ચંદુભાઈ'!



મુમુક્ષુ : ભાગીદાર છૂટા ન કરે તો શું કરવું?

ઉત્તર : કોણ છૂટા ન કરે? ઠીક! બધા છૂટા જ છે, કોણ છૂટા ન કરે? એ.. 'ન્યાલભાઈ'! ભાગીદાર છૂટા ન કરે, છોકરાઓ છૂટા ન કરે, બાયડી છૂટા ન કરે. કરવું શું પણ? તું છૂટો થા ને, બધા છૂટા જ છે. હેં?

મુમુક્ષુ : અસીલ પણ છૂટા ન કરે.

ઉત્તર : અસીલ કાંઈ છૂટા નથી કરતા. આ એક કોર બેસી ગયા કોણ અસીલ ત્યાં પકડવા આવે છે? આવે છે કોઈ?

**'બાલ્યાવસ્થામાં માતાપિતા દ્વારા તેમનું પાલન પોષણ થાય છે,...'** ઇન્દ્રિયનું સુખ ત્યાં માન્યું છે ને? સાધનથી ત્યાં કલ્પ્યું છે. **'લાડપ્યારથી ઉછેરવામાં આવે છે,...'** સમજાણું? **'તેથી તેમના પ્રત્યે જીવ તીવ્ર મોહ રાખે છે. યુવાવયમાં સ્ત્રીથી અને પુત્રપુત્રીઓથી ઇન્દ્રિયસુખ પામે છે....'** જુવાન અવસ્થામાં ઇન્દ્રિય, સ્ત્રી ને પુત્ર-પુત્રી, એનો મોહ છોડતો નથી. આ બાજુ કરવું નહિ અને આ ને આ સળગાવ્યા કરે છે, કહે છે. એના દીકરા ને બાયડી ને છોકરા.. આનું કરું.. આનું કરું.. આનું કાંઈક ઠીક કરું... પોતે મરીને ગમે ત્યાં જાય. ક્યાં ગયા? 'વાસુદેવભાઈ' આવ્યા છે કે નહિ? એને સંસારની થોડી સરખાઈ થઈ ગઈ લાગે છે એટલે નિવૃત્તિ લીધી છે. કહો, સમજાણું આમાં?

**'જે મિત્રો અને નોકર ચાકરો દ્વારા ઇન્દ્રિયના સુખભોગમાં મદદ મળે છે...'** ઠીક લખ્યું છે. જે મિત્રોથી અને... સમજાય છે? નોકર ચાકરથી ઇન્દ્રિયના સુખમાં સહકારી થાય એનો મોહ છોડતો નથી. મૂઢ છે ને પોતે! પોતાના સુખના નિમિત્ત દેખે એટલે એમાંથી ખસવું ગોઠતું નથી, પણ સુખ આત્મામાં છે એમ નક્કી કરે તો એ સુખના નિમિત્ત ઉપર આનો મોહ છૂટી જાય. સમજાણું? **'અને જેમનાથી ઇન્દ્રિયસુખમાં બાધા પહોંચે છે તેમનો શત્રુ બની જાય છે.'** ઇન્દ્રિયસુખમાં વિઘ્ન કરનારને શત્રુ માને, ઇન્દ્રિયસુખમાં અનુકૂળ માને અને મિત્ર માને, પણ ઇન્દ્રિયસુખ જ તારું ખોટું છે. ઠીક કર્યું છે.

**'સર્વ પ્રાણી પોતાના સુખના સ્વાર્થમાં બીજાઓ ઉપર મોહ કરે છે.'** બધા પ્રાણી પોતાના સુખને માટે (મોહ કરે છે). ક્યાંક ક્યાંક લીટી કરી છે.

એટલું બધું વાંચવાનો વખત ક્યાં છે? બધા પ્રાણી સુખના સ્વાર્થમાં બીજા પ્રત્યે મોહ કરે છે. સુખના સ્વાર્થ માટે. આત્માનું સુખ જો એને ભાસે તો બહારમાં સુખ ભાસે નહિ તો એના નિમિત્તમાં પણ એને સુખનું સહકારી માને નહિ. કહો, બરાબર હશે, 'દરબાર'? અમારા દરબાર છે ઈ. કહો, સમજાણું? **'સ્વાર્થ ન સધાય તો સ્નેહ છોડી દે છે.'** સ્વાર્થ ન સાધે, શરીરમાં લોહી ન દેખે કે પૈસા ન દેખે, કમાતો ન દેખે તો (એમ કહે), એ તો સાધારણ માણસ થઈ ગયો છે. ઘરમાં એક નમાલો માણસ છે, નમાલો. એ બધા ઇન્દ્રિય સુખના લોલુપી હોય, એના નિમિત્તોમાં મોહ કરે તો ન્યાં આવું છે, કહે છે. 'મનસુખભાઈ'! તમે તો હવે નવરા થઈ ગયા. છે કાંઈ હવે બેય છોકરાને સામું જોવું? બાપુ ન્યાં મરે કે જીવે? આહાહા..!

**'જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવે જળમાં કમળની જેમ ઘરમાં રહેવું જોઈએ.'** કમળને અને જળને જેમ અડવું થતું નથી એમ ધર્માત્મા પોતાના અતીન્દ્રિય આનંદના સુખનો સાધક, પોતાના આત્મામાં અતીન્દ્રિય આનંદ છે એ આનંદના સુખનો સાધક, જળમાં કમળને લેપ નથી એવી રીતે ગૃહસ્થાશ્રમમાં સમકિતી રહે છે. સમજાણું કાંઈ?

મોટી સામાયિકમાં કહ્યું છે, **'આ સ્ત્રી, ધન, પુત્રાદિ સર્વથા પોતાના આત્માથી જુદા છે, બહાર રહેનારા છે, કર્મના ઉદયથી પ્રાપ્ત છે, પવનની જેમ તેમનો સંયોગ ચંચળ છે.'** સમીર.. સમીર શબ્દ છે ને? વાયુ જેમ ઘડીકમાં પવન આવે એમ એ બધા પાંદડાં વાયુને લઈને જેમ ફર્યા કરે એમ ઘડીકમાં આવે અને ઘડીકમાં જાય. પૂર્વના પુણ્ય હોય તો મેળ ખાય, જ્યાં પુણ્ય (ખૂટે ત્યાં) ફૂ.. થઈને બધા ઊડી જાય, લ્યો! સમજાણું કાંઈ? **'જે મૂઢબુદ્ધિ જીવ તેમના સંયોગથી સુખદાયક સંપત્તિ મળવી માને છે તે એવા મૂર્ખ છે જે પોતાના મનના સંકલ્પથી જ સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત કરી લે.'** શું કહે છે? ઇન્દ્રિયના સુખના લોલુપી અને અતીન્દ્રિય સુખના કામી નહિ, અતીન્દ્રિય સુખ જે ભગવાનઆત્માની જેને રુચિ નથી અને આ ઇન્દ્રિય સુખના લોલુપી, મનની કલ્પના એવી કરે કે જાણે મને સ્વર્ગ મળી ગયું એમ માની લે. આ પણ અમારે મોટા શેઠિયા છે પૈસાવાળા, જુઓને! એની સામે તો વાત પૂછીએ છીએ. ભલે એના છોકરા પૈસાવાળા (છે), પણ ઈ પૈસાવાળા કહેવાય ને? 'પૂનમચંદ મલુકચંદ'. 'પૂનમચંદ મલુકચંદ' કહેવાય કે ન્યાં 'પૂનમચંદ' બાપ વિનાના કહેવાતા હશે? બાપા સમજવા જેવા, બાપનું માને નહિ, કહે છે. આહાહા..!

કહે છે, અતીન્દ્રિય સુખની રુચિવાળા (જીવને) ઇન્દ્રિય સુખની રુચિ નથી તેથી ઇન્દ્રિય સુખના સહકારી નિમિત્તોમાં એને મોહ હોતો નથી. પણ ઇન્દ્રિય સુખના જે લોલુપી છે તેના કલ્પનામાં જે અનુકૂળ આવ્યા હોય (એમાં) એવી કલ્પના ઊભી કરે કે જાણે અમે સ્વર્ગને પ્રાપ્ત કર્યું, ઇન્દ્રપદને (પ્રાપ્ત કર્યું), એવું સંકલ્પથી ઊભું કરે. પણ ભગવાનઆત્મામાં આનંદ છે એની દૃષ્ટિ કરતો નથી. આ સંકલ્પથી મોટું સ્વર્ગ ઊભું કરે. **'પોતાના મનના સંકલ્પથી જ સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત કરી લે.'** જાણે કે આપણને સ્વર્ગની લક્ષ્મી મળી ગઈ. ઓ..હો...! બાયડી, છોકરા, પૈસા.. પણ આ બાજુ દૃષ્ટિ આપતો નથી. અહીંયાં આત્મામાં કેવળજ્ઞાનની લક્ષ્મી મળે એવી છે. એ પ્રમાણે દૃઢતા કરીને આત્મા અલ્પકાળમાં કેવળજ્ઞાનનો ધણિ થશે, એવા અતીન્દ્રિય આત્મામાં રુચિવાળા એવી ભાવના કરે છે. પણ આ વિષયની રુચિવાળાને જ્યાં સુખબુદ્ધિ પડી છે, પરમાં સુખબુદ્ધિ છે એને આત્મામાં સુખબુદ્ધિ કોઈ દિ' થાય જ નહિ.

શરીરની અનુકૂળતા, કુટુંબની અનુકૂળતા, પૈસાની અનુકૂળતા, આબરુની અનુકૂળતા માને એને આત્માની સુખબુદ્ધિ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? એમ કહેવા માગે છે. મને બહારની આ અનુકૂળતા છે, ઘણી અનુકૂળતા છે. અનુકૂળતા એટલે એનો અર્થ એ કે, એમાં સુખ માન્યું. મૂઢ છે, ન્યાં ક્યાં પરમાં અનુકૂળતા હતી? જે પરની અનૂકૂળતાની રુચિમાં પડ્યો, એને અતીન્દ્રિય સુખની રુચિ થતી નથી. મહા ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ છે એના પ્રેમમાં આ પરનો પ્રેમ અને મોહ એને હોતો નથી. અસ્થિરતાનો જરી હોય એની અહીંયાં વાત

નથી.

મુમુક્ષુ : બહાર ડાંગુ મારે છે ને.

ઉત્તર : ડાંગુ મારે છે. ઠીક! વિકલ્પ ઊભો કરે છે, આ સારો, હોં! આ સારો. બીજાના છોકરા હશે પણ મારો છોકરો જુદી જાત, એમ કલ્પે. બીજાના દીકરા હશે પણ મારો દીકરો 'મહાસુખ'! ઓ..હો..હો..! કહ્યાગરો.. બાપુજી.. બાપુજી.. બાપુજી.. બાપુજી... કરે ત્યાં (હોંશ ચડે). બીજાના છોકરા હશે પણ મારા (બીજી જાતના છે). બીજાની બાયડી ભલે હશે પણ મારે ઘરે ગરીબડી બાઈ.. એક કહેતો હતો, આ બધી સાંભળેલી વાત છે કે, બીજા ભલે કહેતા હોય મારે ઘરે બાઈ ગરીબડી છે, એના વિરુદ્ધ થઈને હું કાંઈ બીજું કરું? બિચારી આમ ઊંચી (આંખ ન) કરે એવી બાઈ છે. કીધું, ભારે આ તો..! મારા ઘરની બાઈ એવી નરમ.. એવી નરમ.. એવી ગરીબડી (કે) કોઈ દિ' ઊંચો અવાજ નહિ. એટલે એની અનુકૂળતા છોડીને હું કંઈ પ્રતિકૂળ કરું? 'ચંદુભાઈ'! એલા પણ આ આત્મા અનુકૂળ મોટો પડ્યો એને મૂકીને તું અનુકૂળતા કલ્પે તો તારી ભ્રમણા છે. હેં? અંદર કહેવા તો ઈ માંગે છે. કુટુંબનો મોહ છોડનો અર્થ ઓલી ષ્ટિ છોડી દે. આસક્તિ તો હોય અંદર પણ રુચિ તો છોડી દે. એ મને વિષયના સહકારી કારણ છે માટે મોહ કરવો, એ છોડી દે. એ સહકારી સુખના નહિ, દુઃખના છે. આત્માના આનંદના સહકારી કોઈ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

## પુસ્તક મંગાવવા સંબંધી સૂચના

જે કોઈ મુમુક્ષુ ભાઈ બહેનોને જે કોઈ પુસ્તક મંગાવવા હોય તેમણે નિમ્નલિખિત નંબર ઉપર ફોન તથા વોટ્સ એપ કરવા વિનંતી. અતીનભાઈ જૈન, મો. ૭૦૪૩૩૭૦૫૦૬

## સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકા સંબંધિત

સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગરથી પ્રકાશિત થતી સ્વાનુભૂતિપ્રકાશ પત્રિકાના એડ્રેસ સંબંધિત કોઈપણ પ્રકારના ફેરફાર, નામ ઉમેરો અથવા કેન્સલ કરવા માટે નીચેના નંબર ઉપર ગ્રાહક નંબર લખી વોટ્સ એપ કરવા વિનંતી. પ્રશાંતભાઈ જૈન, મો. ૯૩૭૭૧૦૪૮૬૮

## પ્રકાશન કાર્ય ગતિવિધિ

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા 'સ્વાનુભૂતિદર્શન' ગ્રંથ ઉપર થયેલા પ્રવચનોને કમ્પ્યુટરમાં ફિડ કરવાનું કાર્ય ચાલી રહ્યું છે. પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની જન્મજયંતિ પ્રસંગે આત્માવલોકન ગ્રંથ ઉપરના પ્રવચનોના બે ભાગ, તથા ચિદ્વિલાસ ઉપરના પ્રવચનોનો એક ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. તત્પશ્ચાત્ રાજ હૃદય ભાગ–૩ અને ૪ (હિન્દી), પૂજ્ય ભાઈશ્રીની જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે. સંભવતઃ પરમાગમસાર ઉપરના પ્રવચનોના પણ બે ભાગ સમયનાકુળ પ્રકાશિત થવાની શક્યતા છે.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૭૩ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૧૩-૧૦-૧૯૮૨, પ્રવચન નં. ૨ (વિષય : માર્ગદર્શન)**

**નોંધ :- આ અંકથી માર્ગદર્શન વિષય ઉપરના બોલ ઉપર પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનો આવશે.**

**કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે જાવજીવ-આજીવન બ્રહ્મચર્ય પાળેપણ એ શુભરાગ છે. શુભરાગ છે તે ક્લેશ છે, દુઃખ છે, આડંબર છે. એવો આડંબર કરો તો કરો, પણ સર્વ વીતરાગદેવે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહિ. ધર્મના નામે એ શુભરાગનો રસ છે પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ૭૩.**

'સમયસાર' ૧૪૨ કળશ ઉપરના પ્રવચનમાંથી બોલ છે. '**કરોડો રૂપિયા ખર્ચે, મંદિરો બંધાવે, જાવજીવ-આજીવન બ્રહ્મચર્ય પાળે પણ એ શુભરાગ છે.**' શુભરાગના વિવિધ પ્રકાર છે. એમાં દાન, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનું બહુમાન અને વ્રત, નિયમ, સંયમ એ વગેરે પ્રકારે જેટલા કોઈ શુભરાગ છે, એ '**સમસ્ત શુભરાગ છે તે ક્લેશ છે,...**' એમ અહીંયા કહેવું છે. જેમ કોઈ કજિયો કરે તે ક્લેશ છે, એમ આ આત્માને વિષે કજિયો છે.

મુમુક્ષુ :— સમાજમાં કિંમત છે.

સમાધાન :— એટલે તો લોકોને આકરું પડે છે. વિદ્વાનો, પંડિતો અથવા જેણે જેણે શુભભાવને મહત્તા આપી તે તમામ જીવોને આ વિષય કઠણ પડે છે, કોઈને અરુચિ થઈ આવે છે, કોઈને કડવું લાગે છે, પણ પરમ સત્ય છે. છે તે પરમ સત્ય છે. જેને શુદ્ધાત્માની રુચિ છે, શુદ્ધતાની રુચિ છે એને તો પરમ અમૃત સમાન છે. પરમ સત્ય છે ને! એને મીઠું લાગે છે, અમૃત જેવું લાગે છે. એટલે તો શ્રીમદ્‌જીએ કહ્યું કે

વચનામૃત વીતરાગના પરમ શાંતરસ મૂળ<br>ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.

કાયરને લીધા છે, નાહિંમત, ...લીધા છે. જે જીવો પોતાનો પુરુષાર્થ શુભભાવમાં જ રોકે છે, જેની રુચિ શુભભાવમાં જ છે એવા જીવોને આ વચનો પ્રતિકૂળ પડશે. પણ એ વચનો કેવા છે ? કે ભવરોગના ઔષધ સમાન છે અને આ પરમશાંતરસના મૂળિયા છે. પરમશાંતરસના આ મૂળિયા છે, એવું કહ્યું. ઘણું કહી ગયા છે.

'**કરોડો રુપિયા ખર્ચે, મંદિરો બંધાવે કે જાવજીવ-આજીવન બ્રહ્મચર્ય પાળે...**' એ દાન આપે, કરોડો રૂપિયા ખર્ચે એટલે દાન આપે, કરોડોનું દાન કરે, થોડું નહીં અને દેવ-ગુરુ-શાસ્ત્ર, મંદિરો બંધાવે એમાં ત્રણે લઈ લેવા. શાસ્ત્ર પ્રકાશન, ભગવાનનું મંદિર બાંધવું, ગુરુ આદિને આહારદાન દેવા વગેરે બધું આવી જાય છે. પૂજા-ભક્તિ એ બધું આવે છે. અને બ્રહ્મચર્ય આદિ વ્રત-

સંયમ, કોઈ પણ પ્રકારના નિયમ, બાહ્ય ત્યાગ એ બધામાં શુભરાગની પ્રવૃત્તિ છે. ભગવાન કહે છે કે એ ક્લેશ છે.

મુમુક્ષુ :— આવું તો તમે જ કહો છો, બીજું કોઈ નથી કહેતું.

સમાધાન :— ભગવાન કહે છે, એમ તો કીધું, અમે કહીએ છીએ, એમ ક્યાં કીધું ? હું આમ કહું છું એમ વાત અહીંયાં નથી. ગુરુદેવ પ્રવચનમાં એવું કહેતાં, ભગવાન આમ કહે છે, આચાર્યદેવ આમ કહે છે, ભગવાન આમ કહે છે. હવે વાત એટલી છે કે કોઈ કહે કે કોઈ ન કહે, કોણ કહે છે એને આપણે એક કોર રાખો. હકીકત શું છે ? સત્યને સત્યની સરાણ ઉપર, અનુભવની સરાણ ઉપર ચડાવવું. કોણે કહ્યું છે એની સાથે કાંઈ બહુ મતલબ નથી. આમ તો પુરુષપ્રમાણે વચનપ્રમાણ છે પણ પુરુષને ઓળખ્યા વિના પ્રમાણ ક્યાં કરે? જ્યાં પુરુષ ન ઓળખાય ત્યાં વચનના પ્રમાણનો પ્રશ્ન રહેતો નથી. અથવા કોઈ વચનને પ્રમાણ કરે અને કોઈ વચનને અપ્રમાણ કરે તોપણ પુરુષપ્રમાણ રહ્યા નહીં અને વચન પણ પ્રમાણ રહ્યું નહીં, આમ છે. અહીં તો એમ કહેવું છે.

બહુ શરૂઆતમાં જૈનશાસ્ત્ર હાથમાં આવ્યું ત્યારે એ વિચાર આવતો હતો કે સત્ય તો સત્યની કસોટીએ જ નક્કી કરવું જોઈએ. પછી કોઈ આપણા જૈન ભાઈઓ સાથે ચર્ચા કરું તો એમ કહેતા કે ભગવાન મહાવીરે કહ્યું છે માટે સાચું, એમ સાચાપણાની વાત ન હોવી જોઈએ. એ તો સત્યને નિમિત્તથી સાબિત કર્યું. સત્ય સત્યના ઉપાદાનથી સાબિત થવું જોઈએ. ભગવાન મહાવીરે કહ્યું છે માટે વાત સાચી છે, એમ ન હોવું જોઈએ, એમ હું કહેતો. કેમકે સંપ્રદાયનો તો વિષય હતો નહીં.

મુમુક્ષુ :— સત્ય માટે ભ્રમણા રહેતી હોય તો મહાવીરનું નિમિત્ત લઈને પણ...

સમાધાન :— કોઈ મર્યાદા છે, અપેક્ષા છે. પોતાને ભ્રમણા રહેતી હોય તો એણે જે સત્પુરુષ છે, ભગવાનના વચન છે એની સાથે એણે મેળવવું જોઈએ. નહિતર તો સ્વચ્છંદ થતા વાર લાગે નહીં. એ પડખું ઠીક છે. પણ અહીંયાં તો કોઈ એકાંત આજ્ઞાથી વિચારે કે ગુરુએ કહ્યું છે માટે સાચું, ભગવાને કહ્યું છે માટે સાચું. અને એને અનુભવની, સત્યની સરાણ ઉપર ન ચડાવે તો એનું માનેલું સાચું તે ખરેખર સાચું નથી, તોપણ એનું માનેલું સાચું નથી. કેમકે એ વાત મર્યાદિત છે.

મુમુક્ષુ :— ગુરુદેવે એ રીતે જ અપનાવ્યું છેને.

સમાધાન :— નહીં તો જુઓ, એમને શું થયું? કે કુળધર્મે તો જૈનકુળ હતું. ભલે સ્થાનકવાસી પણ નામ જૈન તો હતું, એક. કેવી રીતે માને કે જૈનમાં ખોટું હોય? એટલે એ વિચાર ન આવે. કોઈપણ સંપ્રદાયમાં. અમારા સંપ્રદાયના દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા છે તે તે સંપ્રદાયમાં જન્મીને તરત એ વિચાર નથી આવતો. કેમકે એ કર્મથી તો એ સંપ્રદાયમાં આવવાનું થયું છે. એ સંપ્રદાયમાં આવવા યોગ્ય પૂર્વકર્મના ઉદયથી તો તે સંપ્રદાયમાં જન્મ થયો છે. એટલે એણે પહેલા સંમતિ આપીને અહીંયાં પ્રવેશ કર્યો છે. કોઈપણ જીવે એણે ભાવથી સંમતિ પહેલા આપી દીધી છે પછી દ્રવ્યમાં ઉદય આવ્યો છે, બહારમાં ઉદય આવ્યો છે. એટલે એને તો એ બુદ્ધિ આવે જ નહીં, પહેલીવહેલી તો એ બુદ્ધિ આવતી નથી. આપણે તો આપણા અનુભવથી પણ સમજી શકાય. એ બુદ્ધિ પહેલી આવે નહીં. એ બરાબર છે એમ જ આવે. પણ જે જીવ જાગ્રતિથી, પરીક્ષાબુદ્ધિથી, સત્ય અસત્યનો નિર્ણય કરવાની બુદ્ધિથી કેવળ સત્ય જ માનવું છે એમ વિચાર કરે તો એને પરીક્ષાથી અસત્ય, અસત્યપણે જણાય, જાણી શકાય એવો એ વિષય છે. તે ત્યાં સુધી કે પોતે સ્થાનકવાસી સાધુઓનો સંગ કર્યો, ઉપાશ્રયમાં વારંવાર એમના સત્સંગમાં જતાં, દુકાને બેસે તોય ગામમાં સાધુ આવ્યા હોય (તો ત્યાં જાય), અરે! ભરુચ સુધીમાં સાધુ આવ્યા હોય તો પાલેજથી ભરુચ વયા જતાં. જાજું (ત્યાં રહેતા) અને દુકાને ઓછું બેસે. અને દીક્ષા અંગીકાર કરી. સ્થાનકવાસી સાધુના ગુરુ ધારીને, યોગ્યતા ધારીને દીક્ષા અંગીકાર કરી. એમ કહેતા. આ તો રૂબરૂ ઘણી વાતો થઈ છે ને! કે એમાં માથાબૂડ હતા. ગળાબૂડ નહીં પણ સ્થાનકવાસીમાં માથાબૂડ હતા. એમાંથી નીકળ્યા છીએ. એમ ને એમ તો કાંઈ નીકળ્યા નથી. તો ત્યાં નામે જૈન હતા. છતાં તે સત્ય છે કે

નહીં એનો વિચાર કર્યો છે.

બીજું શું છે? કે જેને પ્રયોજનની બુદ્ધિ છે, જેને બંધાવું નથી એને બાંધનાર કોઈ નથી અને જેને બંધાવું છે એને છોડનાર કોઈ નથી. આ પરિસ્થિતિ છે. એટલે જેણે બંધાવું નથી ને એને તો બંધનને અનુકૂળ શું છે અને બંધનને પ્રતિકૂળ શું છે એ એના પ્રયોજનનો વિષય થઈ જાય છે. એટલે તરત ફેર પડે ત્યાં ખ્યાલ આવે છે કે અહીંયાં ફેર કેમ પડે છે? ફેર પડે છે એટલે ત્યાં એ એમ ને એમ વાત ન છોડી દે. જ્યાં ફેર પડે ત્યાં તો એ ઊંડો ઉતરી જાય. ભલે કોઈક જ જગ્યાએ ફેર પડે છે. ફેર પડવાનો વિષય ભલે બહોળો ન હોય, કોઈક જ પોઈન્ટ હોય, પણ જ્યાં પ્રયોજનભૂત વિષયનો મુદ્દો હોય ત્યાં એ ઊંડો ઉતરી જાય અને સત્યાસત્યનો નિર્ણય કરે. પોતે ઘણી નાની ઉંમરમાં, યુવાન ૨૧ વર્ષની ઉંમરમાં દીક્ષા લીધી છે. બે-ચાર વર્ષ તો એ સંપ્રદાયના શાસ્ત્રોના અધ્યયનમાં જ એકાંતમાં ગાળ્યા છે. ક્યાંય પ્રવચન આપવું કે કોઈ બાહ્ય પ્રવૃત્તિ નહીં. એકલું સ્વાધ્યાય અને અધ્યયન કર્યું. એમાં ક્યાંક ક્યાંક શંકા પડી, પરસ્પર વિરુદ્ધતા આવી એટલે. એટલે સંપ્રદાય અને સંપ્રદાયના સાધુ પાસે ગયા. જે એમનાથી ઉંમરલાયક હોય, વૃદ્ધ હોય. ઉંમરમાં વૃદ્ધ, જ્ઞાનમાં વૃદ્ધ એવી છાપ હોય ને એની પાસે જાય, ખાનગીમાં ચર્ચા કરે. આમાં આમ કીધું છે પણ આ વાત આમ કેમ હોય? તો કહે, કાનજી! તારી વાત સાચી છે. શું કહે? પણ અત્યારે સંપ્રદાયમાં આવું બધું કહીએ તો આ આપણને કોઈ રોટલા ન દે, કાઢી મૂકે, સંપ્રદાયમાં રહેવા ન દે.

ગુરુદેવને થયું કે માર્યા, આમાં તો આત્માર્થીતા પણ રહેતી નથી. આ તો જાણે રોટલા માટે આપણે અહીંયાં દિક્ષા લીધી હતી. એવું તો કાંઈ આપણું ઘર નહોતું કે રોટલા માટે દીક્ષા લેવી પડે. એટલે મોટી તિરાડ પડી ગઈ, થોડી શંકામાંથી મોટી તિરાડ પડી ગઈ. માર્યા આ તો, ગડબડવાળી વાત છે! વિશ્વાસ ઊડી ગયો. એકદમ સાધુઓ અને શાસ્ત્રો ઉપરનો વિશ્વાસ ઊડી ગયો. પછી દિગંબરના શાસ્ત્રો અવલોકન કરવા લાગ્યા. એમાં પહેલું 'સમયસાર' આવી ગયું. પહેલું તો 'મોક્ષમાર્ગ પ્રકાશક' આવ્યું છે. 'સમયસાર' આવ્યું. એટલે એમ છે કે જે સત્યનો સંશોધક જીવ છે (તે સત્યને પામે છે).

અહીંયાં એમ કહે છે કે આખી દુનિયા ભલે એમ કહે કે એણે આ દાન આપ્યું એટલે ધર્મ કર્યો, મંદિર બંધાવ્યું ને પ્રતિષ્ઠા કરી એટલે ધર્મ કર્યો અને સંયમ પાળ્યો એટલે ધર્મ કર્યો. ભગવાન કહે છે કે '**તે ક્લેશ છે, દુઃખ છે, આડંબર છે.**' લ્યો, ઠીક! ધર્મ નથી પણ ધર્મનો એક આડંબર છે. એ 'કળશટીકા'માં 'ધર્મનો આડંબર' શબ્દ વાપરેલો છે.

મુમુક્ષુ :—

સમાધાન :— હા, પછી એને મેળવી લેવું જોઈએ. અથવા એમાં વાત એ રીતે છે કે જો એકવાર કહેનાર છે એ નિર્દોષ કથન કરનાર છે, જે કહેવાની પદ્ધિત છે તે નિર્દોષતાની સાંગોપાંગ જે લાઈન છે એ નિર્દોષતા ઉપર આવે છે ત્યારે જો એને પોતાને વિચારમાં કથન સાથે મેળ ન પડે તો એણે અનુભવમાં મૂકવાનો પ્રયત્ન કરવો જોઈએ. હવે અનુભવમાં મેળ ન પડે ત્યારે આ વિષય એને થોડોક નાજુક થઈ જાય છે. ત્યારે એને વધારે એ નક્કી કરવું જોઈએ કે કહેનારની હદ શું છે અને મારા અનુભવની હદ શું છે.

તમારે બધાને બહુ સહેલુ પડ્યું છે પણ અમને એ વાત જરા અઘરી પડી છે. કુળધર્મથી જ તમારે તો એ શંકા કરવાનો પ્રશ્ન નહોતો રહ્યો. અમારે તો એ થોડો વિચારમાં વિષય આવ્યો હતો. પહેલુંવહેલું 'શ્રીમદ્' વાંચ્યું ત્યારે એમણે શરૂઆતમાં, મોટા ગ્રંથમાં શરૂઆતમાં મોક્ષમાળામાં એક વાત લખી છે કે વેદાંત કરતાં જિનાગમમાં વસ્તુનું સ્વરૂપ અનંતગુણ નિરૂપણ કર્યું છે. હવે એ વખતે વેદાંતનું થોડુંઘણું અવલોકન કર્યું હતું અને છાપ એવી પડી ગઈ હતી કે વેદાંતમાં અગાધ જ્ઞાન છે. અનાદિ છે, અપુરુષેય છે, કોઈએ કર્યા નથી અને એમાં અગાધ જ્ઞાન છે. આપણે કાંઈ અગાધ જ્ઞાન બધું કાંઈ વાંચ્યું પણ નહોતું. એકાદ ઉપનિષદનો પણ થોડો વિષય વાંચેલો. એટલે પહેલી શંકા પડી કે આ લખનારે કદાચ વેદાંત વાંચ્યા નહીં હોય. જો વેદાંતનું અધ્યયન કર્યું હોય તો આવી વાત ન લખે. માટે આમને લખનારને કદાચ

વેદાંતનું જ્ઞાન નહીં હોય અથવા વેદાંતનું એવું અવગાહન નહીં કર્યું હોય. આમ આ તો કેવી અંદરમાં ગડબડ ચાલે છે! પછી આગળ ચાલ્યા. આગળ ચાલતાં, ચાલતાં, ચાલતાં, ચાલતાં એમ લાગ્યું કે લખનારની મધ્યસ્થતા બહુ છે. પક્ષપાતે કરીને કાંઈ લખતા નથી. દોષ ક્યાં ઊભો થાય છે? કે જીવ પક્ષપાત કરે ત્યાં. માત્ર સત્યને જ પકડે છે અને ક્યાંય પક્ષપાત નથી કરતાં. એટલું તો નહીં (પણ) વિશેષ સરળતા જીવની તો ત્યાં દેખાય છે કે પોતાના પરિણામના વિષયમાં પણ એ જેવું છે એવું જ કહે છે કે અત્યારે આમ વર્તે છે, અત્યારે આમ વર્તે છે, પરિણામમાં આમ વૃત્તિ વર્તે છે, આમ વર્તે છે. એ બધું કાગળમાં એમણે લખ્યું છે. મધ્યસ્થતા આટલી બધી છે તો આ લખનાર કોઈ એમ ને એમ ગમે તેમ કોઈને ભાંડી દે કે ગમે તેમ કોઈને પક્ષપાતે કરીને કહી દે, એવું લાગતું નથી. માટે વેદાંતના વિષયમાં એમ ને એમ લખી નાખ્યું છે, એવું નહીં હોય. એ વળી પાછું ફર્યું, બીજા તબક્કે ફર્યું. કેમકે ત્યાં પુરુષપ્રમાણ નહોતા કર્યા, શરૂ કર્યું ત્યારે પુરુષપ્રમાણ નહોતા કર્યા.

મુમુક્ષુ :– શરૂઆતમાં પુરુષપ્રમાણ કરવાનું થતું જ નથી. કારણ કે પોતે તો અજ્ઞાની છે.

સમાધાન :– પોતે અજ્ઞાની છે અને પરુષને ઓળખતો નથી. કેવી રીતે પ્રમાણ કરે? પ્રત્યક્ષ પુરુષને ઓળખવા, પ્રમાણ કરવા મુશ્કેલ પડે છે તો આ તો લખાણમાં હોય એ તો પાછા પરોક્ષ પુરુષ. એ તો શરૂઆતવાળાને બહુ અઘરી વાત પડે.

એટલે પુરુષપ્રમાણ કરેલા નહીં. આ બાજુ જૂનું તો જીવને પડ્યું જ હોય. જૂનું પડ્યા વગર એમ ને એમ આ સ્થિતિ હોય એ તો બને નહીં. વાત અઘરી તો પડે છે. છતાં એમાંથી રસ્તો નીકળે છે. જો છૂટવું હોય તો રસ્તો નીકળ્યા વગર રહે નહીં. આ વાત નક્કી છે. બરાબર એ સત્ય-અસત્યની કસોટી કરી શકે છે, પુરુષની પુરુષપ્રમાણતાની એ કસોટી કરી શકે છે. પણ એણે સત્યને જ પકડવું જોઈએ, નિર્દોષતાને જ ગ્રહણ કરવી જોઈએ, નિર્દોષતાના પક્ષમાં જ એણે ઢળવું જોઈએ. જરા પણ સદોષતાના પક્ષમાં એણે ઢળવું જોઈએ નહીં. આ એનો સિદ્ધાંત છે.

મુમુક્ષુ :–

સમાધાન :– હા, પકડાણો હતો. પહેલો સીધો જ તે પક્ષ આવ્યો. વેદાંતથી ઊંધુ કીધું અને સીધો વેદાંતનો પક્ષ આવ્યો કે આ કહેનારે વેદાંત વાંચ્યા નથી લાગતા, આ તો વેદાંતને અન્યાય કરે છે.

મુમુક્ષુ :– એ પક્ષ રહ્યો નહિ.

સમાધાન :– એનું કારણ છે કે સત્ય શોધવું હતું. આખરમાં સત્ય શું છે એ જે જિજ્ઞાસા, એ પ્રશ્નવાચક ચિહ્ન છે એ એમ ને એમ હતું.

ગુરુદેવે એક વખત પ્રવચનમાં બહુ સરસ વાત કરી હતી કે કોઈ પણ મુમુક્ષુ જીવે, વિચારદશામાં રહેલા જીવે, વિચારદશામાં સત્ય શું છે એનો અવકાશ રાખવો જોઈએ. આવું એક વચન કહ્યું હતું. ચાલુ પ્રવચનમાં કોઈ વાર તો ટૂકડા નીકળી જાય ને! આ બધા અંતર મંથનમાંથી નીકળે. વિચારદશામાં જીવે સત્ય શું છે એની ખાલી જગ્યા, અવકાશ રાખે. પક્કડ ન કરે કે મેં આ માન્યું છે એ બરાબર છે. એણે કાંઈક ને કાંઈક તો માન્યું જ હોય છે. જીવ માન્યતાના પરિણમન વગરનો, શ્રદ્ધાનના પરિણમન વગર તો નથી. એટલે એણે કાંઈક માન્યું છે અને જે કાંઈ માન્યું છે તે અવળું માન્યું છે, સવળું માન્યું નથી. કેમ નક્કી કરવું કે અવળું માન્યું છે? કે એને સુખ-શાંતિ અને આત્માનો આનંદ નથી. બરાબર છે? એને જે આત્મિક સુખ જોઈએ છે, એ પ્રાપ્તિ નથી એ એમ બતાવે છે કે એણે માન્યું છે એમાં એણે ફેર કરવાની જરૂર છે.

એટલે માન્યતાનો વિષય, ઊંધું માનેલું એમ ને એમ પડ્યું હોય તો એની સ્થિતિ બદલાય છે કે આ માનેલામાં મારે ફેર કરવો પડશે. ત્યારે તો એ સત્યને શોધે છે. એટલે એની જે પક્કડ છે એ ઢીલી છે ત્યાં. ઊંધી માન્યતાની પક્કડ છે એ ઢીલી છે. અને જો સત્ય સામે આવે છે અને જે સત્યનો ચાહક છે, માત્ર સત્યનો ઇચ્છક છે એ તરત જ એની અંદર નિર્ણય કરી શકે છે. અજ્ઞાનીના જ્ઞાનમાં પણ આ તબક્કે જો સત્યનો અવકાશ રાખ્યો હોય તો એ સત્યાસત્યનો નિર્ણય કરી શકે છે. આત્માનો

નિર્ણય પણ ક્યાં કરે છે પહેલા? અજ્ઞાનમાં જ કરે છે ને. એટલે તો જ્ઞાન છે એ ખુલ્લું છે, જ્ઞાન ખુલ્લુ રહ્યું છે એમ કહેવાય છે. ક્યારે? કે એ કેવળ સત્યને માટે તૈયાર થાય ત્યારે. કેવળ નિર્દોષતા માટે તૈયાર થાય ત્યારે, ત્યાં સુધી નહીં. નહીંતર એ જ્ઞાન પણ પક્ષપાતવાળું હોય છે, એ જ્ઞાન ઊંધી માન્યતાના પક્ષમાં ખેંચાયેલું હોય છે અને એ જ્ઞાન સત્યાસત્યનો સાચો નિર્ણય કરી શકતું નથી.

શું કહે છે? કે '**શુભરાગ છે તે ક્લેશ છે,...**' આ એક વિષય લેવા જેવો છે કે દુઃખ છે, એ દુઃખ તો અનુભવનો વિષય છે. તારે ક્યાં કોઈને પૂછવા જવું પડે એમ છે. અને અહીંયાં ક્યાં પુરુષપ્રમાણ કરવાનો પ્રશ્ન છે. અનુભવપ્રમાણ કરવાનો પ્રશ્ન છે. દુઃખ છે. શુભરાગ પણ તને વિદ્યમાનપણે વર્તે છે. હવે એમાં દુઃખ છે એમ કહેનાર કહે છે તો કહેનાર સાચા છે કે ખોટા છે, એ તારા અનુભવથી નક્કી કર.

જો અત્યાર સુધી શુભરાગને તેં સુખ માન્યું છે અને કહેનારે તારી માન્યતાથી ઊલ્ટું કીધું તો એવું તો તું કાંઈ નક્કી કરીને નથી બેઠો ને કે મારી માન્યતાને અનુકૂળ કહે તે સાચો ને પ્રતિકૂળ કહે તે ખોટો? એવું તો તે નક્કી નથી કર્યું ને? તારે તો કોઈ પણ વાતને સત્યાસત્યને નક્કી કરવી છે કે એ સાચું છે કે ખોટું છે? તારા તો આ અનુભવનો વિષય છે, કર અનુભવથી નક્કી. એમ વાત છે.

સમ્યગ્જ્ઞાનનો પણ આ એક ધર્મ છે, ગુણ છે કે સમ્યગ્જ્ઞાન સાચું જ્ઞાન છે, સાચું જાણનારું જ્ઞાન છે, વસ્તુ જેમ છે તેમ તે જ્ઞાનમાં જણાય છે, એવું નિર્મળ છે. નિર્મળ છે ને? એટલે વસ્તુ જેમ છે તેમ જણાય છે. તોપણ સમ્યગ્જ્ઞાનીનો હંમેશા જ્ઞાનનો જ આ ગુણ ને ધર્મ ને સ્વભાવ છે કે કોઈ પણ વાત આવે છે એને એ મધ્યસ્થ થઈને તપાસે છે. મધ્યસ્થતા એનો ગુણ છે, મધ્યસ્થતા એનો ધર્મ છે.

એ તો ગુરૂદેવશ્રીને શરૂઆતમાં પરીક્ષાબુદ્ધિથી મળવાનું થતું ત્યારે એ જોયું છે અમે તો. બપોરે ક્યારેક બેઠા હોય. કોઈ વિરોધી છાપા આવ્યા હોય. વિરોધના છાપા આવે તો એવા છાપા આવે કે એની અંદર ઘણા અનુચિત શબ્દપ્રયોગ કર્યા હોય, તોછડા શબ્દપ્રયોગ કર્યા હોય, ગાલીપ્રદાન કરી હોય, હુંકારા, તુંકારાથી અનેક પ્રકારે લખાણ કર્યું હોય અને એ પાછા લખનારા વિદ્વાન હોય. (ગુરુદેવ) એ કાંઈ ન જોવે. આણે કેટલું તોછડું લખ્યું છે, કેટલું અનુચિત લખ્યું છે એ ન જોવે. એણે જે શાસ્ત્રમાંથી એમ લખ્યું છે કે આમ નહીં ને આમ અર્થ કરવો જોઈએ તો એ એણે કેમ માનીને આમ કહ્યું છે? એની માન્યતા કેમ બરાબર છે કે બરાબર નથી, એની ચર્ચા ચાલે. જ્ઞાનની મધ્યસ્થતા સૂચવે છે કે કહેનાર ખોટો છે, એમ સીધું ન લે. એ કેમ ખોટો છે, સાચો છે એનો બરાબર, યોગ્યતા-અયોગ્યતાનો સાંગોપાંગ વિચાર કરે. ખબર છે નહિતર. છતાંય. એ તો એનાથી ઉપર છે. પણ છતાં વિચારવાની પદ્ધતિ આટલી સુંદર હતી. એ સમ્યગ્જ્ઞાનનો ધર્મ છે, એમ છે.

એટલે કોઈ પણ વાતને એના ગુણ-દોષથી જોવી. શુભરાગ છે તે ક્લેશ છે એમ કહે છે તો તારા અનુભવમાં શુભરાગ ક્લેશરૂપે, દુઃખરૂપે અનુભવાય છે? જો અનુભવાતો નથી અને કહેનાર પ્રમાણિક છે એમ જો તેં સ્વીકાર્યું હોય તો કાંઈક તારા અનુભવમાં ભૂલ થાય છે. આમ એણે વિચારવું જોઈએ કે આ અનુભવ વર્તે છે એમાં કાંઈક ભૂલ થાય છે.

મુમુક્ષુ :— ખરેખર પુરુષપ્રમાણ તો જ્ઞાનીને હોય છે.

સમાધાન :— બે પ્રકાર એમાં છે. એક તો જ્ઞાની જ્ઞાનીને ઓળખે અને એક તો જે મુમુક્ષુ આત્માર્થી હોય એ ઓળખે. ડૉક્ટર ડૉક્ટરને જાણે કે આ સમજે છે કે નથી સમજતો અને એક દર્દી ડૉક્ટરને જાણે, ભલે ડૉક્ટરનું ન ભણ્યો હોય તોય તે. એક એ પરિસ્થિતિ છે, એ પરિસ્થિતિ છે કે ચાર ડૉક્ટર ભલે નિષ્ણાત આવ્યા હોય છતાંય દર્દી કહે એ સાચું. અને એ લોકોમાં ઈ એના વિજ્ઞાનમાં છે, ડૉક્ટરી વિજ્ઞાનમાં એ વાત છે કે પેશન્ટ ઈસ દ બેસ્ટ જજ. નિદાનની બાબતમાં પેશન્ટ છે એ બેસ્ટ જજ છે, એમ કહેવાય છે. એ લોકોનો અંદરોઅંદરનો આ વિષય છે. એમ જ્ઞાની જ્ઞાનીને ઓળખે અને એક આત્માર્થી જ્ઞાનીને ઓળખે. બે તબક્કા છે એની અંદર.

એટલે જો આત્માર્થીપણે, આત્માર્થીતા આવી હોય તો એને ઓળખાણ પડે છે અને નહિતર એને ઓળખાણ પડતી નથી, એમ છે.

**'શુભરાગ છે તે ક્લેશ છે, દુઃખ છે,...'** એમ કહ્યું તો જ્યાં સુધી એ નાસ્તિના વિષયમાં પણ જ્ઞાન ભૂલું પડે છે, દુઃખને દુઃખરૂપે જાણતું નથી, ઓળખતું નથી તો તેણે ત્યાં ઊંડા ઉતરવું જોઈએ. ત્યાંથી એણે આગળ હાલવું જોઈએ નહીં. અનુભવથી નક્કી કરો. શાસ્ત્રથી એમ ને એમ નક્કી કરવા જાય અને માત્ર ન્યાયથી સંમત કરે તોપણ જ્યાં સુધી એને અનુભવનું પ્રમાણ નહીં મળે ત્યાં સુધી એનું નક્કી કરેલું ક્યારે ફરી જશે એનું ઠેકાણું રહેશે નહીં. એ પાયા વગરની વાત છે. અથવા નિમિત્તના આધારે એટલે કે પરના આધારે નક્કી થયેલી વાત ખરેખર ટકતી નથી. આધાર ખોટો છે, એને આધાર પોતાનો નથી.

**'શુભરાગ છે તે ક્લેશ છે, દુઃખ છે,...'** એથી વધારે કહ્યું કે એ **'આડંબર છે.'** દેખાવ છે ધર્મનો. **'એવો આડંબર કરો તો કરો, પણ સર્વજ્ઞ વીતરાગે જે આત્મા કહ્યો છે તેની પ્રાપ્તિ તો તેનાથી થશે નહીં.'** એ એનો ઉપાય નથી. બહુ સ્પષ્ટ વાત છે કે તેનાથી પ્રાપ્તિ થાય, દુઃખથી અને ક્લેશથી શાંતિની પ્રાપ્તિ થાય એ કોઈ રીતે બની શકતું નથી. રાગથી રાગ ટળે, લોહીથી લોહીનો ડાઘ જાય એમ ન બને. પાણીથી જાય. એમ રાગથી રાગ ન ટળે, વીતરાગતાથી જ રાગ ટળે. આ તો બહુ ચોખ્ખી સમજાય એવી વાત છે.

મુમુક્ષુ :— પંડિતો કહે છે કે શુભરાગ કરશે તો મોક્ષ થશે.

સમાધાન :— હા, પરંપરાએ મોક્ષનું કારણ છે. એને એવી ભ્રમણા થઈ છે, એનું શું? એવી એવી ભ્રમણા થાય છે. એને લાભનું કારણ દેખાય છે, માને છે. એણે માન્યું છે એટલે કહે છે. એમાં શું છે કે એવા હીન પુરુષાર્થી જીવોને શુદ્ધતા શું છે એની ખબર નથી. શુદ્ધતાનો પુરુષાર્થ શું છે એની પણ એને ખબર નથી. ફક્ત એ શુભભાવ બહુ બહુ તો કરે છે અને એને એમ લાગે છે કે આ કરીએ છીએ, આમ કરતાં કરતાં જરૂર લાભ થવાનો છે.

મુમુક્ષુ :— ...

સમાધાન :— એ શક્તિ જ નથી. ઘોર અંધકારમાં છે એને અજવાળું શું એની ખબર નથી. ઘૂવડની સભા ભેગી થાય અને એ ઠરાવ કરે, સર્વાનુમતે વાદવિવાદ વિના ઠરાવ કરે કે આ જગતમાં સૂર્ય જેવી કોઈ ચીજ નથી, સૂર્યનું નામનિશાન નથી. કહેનારા જૂઠા છે. ઠીક!

... પ્રાપ્તિ થતી નથી. અનુભવમાં તે મદદ કરે છે એમ પણ નથી. એમ છે. ધર્મના નામે એ શુભરાગનો રસ છે. એ ધર્મના નામે, ધર્મના બહાને એ શુભરાગનો રસ છે. પણ એ રાગના રસ વડે વીતરાગ સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. જીવને રાગરસ બાધક છે, પછી શુભનો હો કે અશુભનો હો. પણ રાગરસ પોતે જ બાધક કારણ છે અને સર્વ પ્રકારની બાહ્ય ક્રિયામાં રાગરસ જ છે. અહીંયાં તો દાન, ભક્તિ અને વ્રત, નિયમ, સંયમની વાત કરી છે. પણ સ્વાધ્યાયનો, શાસ્ત્રજ્ઞાનનો કોઈપણ વિકલ્પ, કોઈપણ બાહ્ય ક્રિયાને અનુસરતો જીવનો પરિણામ એ રાગ જ છે, ચોક્કસપણે રાગ છે અને એનો રસ છે એ જીવને બાધક કારણ છે, આમ છે.

મુમુક્ષુ :— બે જૂદું પાડ્યું, રાગ અને રાગરસ.

સમાધાન :— રાગમાં એને રસ ન હોવો જોઈએ, થઈ જાય એ બીજી વાત છે. કરવો હોય અને થાય તો એ રસ સહિત થાય છે અને ન કરવો હોય અને થાય તો એમાં એને રસ આવતો નથી, આમ વાત છે. એને વીતરાગ થવું છે કે રાગી થવું છે, આટલો સવાલ છે. એ બાજુનો અભ્યાસ નથી. વીતરાગી થવાનો અભ્યાસ નથી એટલે આકરું આકરું લાગે. કોઈપણ અજાણ્યો વિષય અઘરો જ લાગે. આ જીવને અનાદિથી અજાણ્યો વિષય છે એમાં તો કોઈ સવાલ જ નથી અને કોઈ પણ અજાણ્યો વિષય અઘરો જ લાગે.

મુમુક્ષુ :— સાંભળીએ છીએ એનો રસ લાગે છે તો એ પણ પછી...

સમાધાન :— એ પણ રાગરસ થઈ ગયો. એટલે તો કહ્યું, અહીંયાં તો ત્રણ જ વાત લીધી છે. ગુરુદેવના વચનમાં તો ત્રણ જ વાત લીધી છે, આપણે ચાલતી

વાત સાથે લઈ લઈએ છીએ કે જે પ્રવૃત્તિ આપણે કરીએ છીએ. રોજ શાસ્ત્ર વાંચીએ છીએ, રોજ શાસ્ત્ર સાંભળીએ છીએ, એ સિવાય જે કાંઈ પ્રવૃત્તિ કરતાં હોય તે. તો એવી જે તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિ છે અને જેમાં વૈચારિક વિષય ચાલે છે, તેમાં પણ રાગરસ છે એ જીવને બાધા કરે છે. એ જીવને સાચા વીતરાગરસમાં આવવામાં એ નિતાંત બાધક કારણ છે, એકાંત બાધક કારણ છે.

મુમુક્ષુ :— કર્ણેન્દ્રિયનો વિષય છે.

સમાધાન :— હા, કહ્યું છે શાસ્ત્રમાં કર્ણેન્દ્રિયનું. તને મીઠું લાગે છે તો કર્ણેન્દ્રિયનો વિષય છે, એમ કહ્યું છે. સ્વભાવ મીઠો લાગવો જોઈએ.

'શ્રીમદ્જી'એ એક બહુ સરસ વાત કરી છે. કાલે થોડું વાંચ્યું હતું કે આત્મા છે એ એક જ અલૌકિક પદાર્થ છે, અસંસારગત તત્ત્વ છે. આત્મામાં અંદરમાં તો સંસાર નથી. એનાથી જેટલું કાંઈ બહાર છે એ બધું સંસારગત તત્ત્વ છે. તો એમ કીધું કે જ્યાં સુધી આ જીવને સંસારગત પદાર્થો ઉપર દ્રવ્યે કે ભાવે 'વહાલપ વર્તે છે' એવો શબ્દ વાપર્યો છે, જ્યાં સુધી એનો એમાં રસ છે ત્યાં સુધી એને શુદ્ધાત્મા ભાસ્યમાન થાય નહિ, અનુભવ થાય એમ નહીં પણ ભાસ્યમાન થાય નહિ.

એનો અર્થ એ છે કે જ્યાં સુધી જ્ઞાનની સાથે આવો રાગરસ છે ત્યાં સુધી જ્ઞાન એવા દોષના, રાગના એટલે દોષના પક્ષમાં એટલું ઘૂસી ગયેલું છે કે એ પોતાના જ નિર્દોષ પરમાત્માને ભાસનમાં લઈ શકતું નથી અથવા જ્ઞાન પોતાના જ સ્વભાવને, જ્ઞાનસ્વભાવી છે એ, નિર્દોષ પરમાત્મા છે એ તો જ્ઞાનસ્વભાવી છે. તો જ્ઞાન પોતાના જ જ્ઞાનસ્વભાવને ઓળખી શકતું નથી, ભાસ્યમાન થઈ શકતુ નથી. એને પોતાનું જ પોતામાં ભાસન આવતું નથી. જ્ઞાનને પોતાના સ્વરૂપનું જ અવભાસન આવતું નથી. આ પરિસ્થિતિ ઊભી છે એમાં તો. એ જ્ઞાન વિપર્યાસને ભજે છે. રાગરસના અસ્તિત્વમાં, રાગરસની મોજૂદગીમાં જ્ઞાન એ રીતે વિપર્યાસને ભજે છે કે પોતાના જ સ્વભાવને અવભાસનમાં લઈ શકતું નથી. એટલે એવી સંસારગત વહાલપ જ્યાં સુધી, એવા પોતાના ઘરગથ્થુ શબ્દો છે, એ અસંસારગત વહાલપને ભજે નહીં ત્યાં સુધી એને આત્મા ભાસ્યમાન થાય નહીં. અને જ્યાં સુધી આત્મા જ ન ભાસે ત્યાં સુધી એને એનો મહિમા આવે, એ વાત કોઈ કાળે બની શકતી નથી. જ્યાં સુધી પોતાના જ સ્વરૂપનો મહિમા ન આવે (ત્યાં સુધી) પરિણામ એ સ્વરૂપ તરફ ઢળે એવું કોઈ કાળે બની શકે નહીં. પરિણામ સ્વરૂપ બાજુ ઢળે નહીં અને પરિણામ રાગરસમાં ઢળે અને એને સ્વસંવેદન આવે, એવું તો કોઈ રીતે બની શકે નહીં. આ સીધો હિસાબ છે.

વળી આની અંદર વિચિત્રતા એ છે કે શુભરાગ છે તે ક્લેશ છે અને એ ક્લેશ અને દુઃખ હોવા છતાં તને એનો રસ આવે છે! આ તો ઘોર અજ્ઞાન છે. આ ક્યાં ચેતવા જેવું છે. એકદમ લાલબત્તી મૂકી છે કે એક તો શુભરાગ છે એ ક્લેશ છે, દુઃખ છે એમ તને સ્પષ્ટ કહીએ છીએ અને વળી તને એનો રસ જામે છે. રાગરસ એટલે તને એનો અંદરમાં રસ જામે છે. આ તો બહુ મોટું અજ્ઞાન છે. તારા પરિણમનમાં તને સ્વાદ શેનો આવે છે એની પણ તને ખબર નથી. અથવા તો દુઃખ તે સુખ લાગે છે, કડવું તે મીઠું લાગે છે, એના જેવી વિપરીત વાત છે.

મુમુક્ષુ :— ગુરુદેવે આ વાત બહુ સરસ જોરથી કરી.

સમાધાન :— બહુ જોરથી. ગુરુદેવનો આ કાળમાં જાણે આ વાત કહેવા ઉદય થયો એમ કહીએ તો ચાલે. એ તો ક્યાંથી લાગ્યું? કે પરમાગમસારનું સંકલન કર્યું ને એટલે વંચાણું ઘણું. ગાંસડી બાંધીએ એટલું સાહિત્ય હતું. ભાઈને આપ્યું હતું ને તૈયાર કરવા. ગાંસડી થેલા ભરીને મોકલી હતી. એનો એક સળંગ ધ્વનિ જોઈએ તો એમ લાગે કે આ એક વાત કરવા જાણે ગુરુદેવનો ઉદય થયો છે! નહિતર કોઈ ને કોઈ બહાને આ વાતને હળવી કરવામાં આવે અથવા સ્થાપવામાં આવે કે ના, ના અશુભ તો નથી કરતો. ઠીક છે. છેવટે અપેક્ષા બાંધીને, અશુભ તો નથી કરતો. એટલો શુભ તો કરે. ગુરુદેવે તો વાતે વાતે, એક પ્રવચનમાં કોઈ પ્રવચન આ વિષયથી ખાલી ન હોય. એક જ વાતને વારંવાર લીધી છે. એ ૭૩મો થયો. (૩૯:૧૫ મિનિટ સુધી)

## પૂજ્ય બહેનશ્રીની વીડિયો તત્ત્વચર્ચા
## મંગલ વાણી-સીડી-૩ A



પ્રશ્ન :- ભગવાનની વાણી ખાલી ન જાય એમ 'ગુરુદેવ'ની વાણીથી પણ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા જાગૃત થઈ જાય.

ઉત્તર :- ભગવાનની વાણી ખાલી ન જાય એમ 'ગુરુદેવ'ની વાણી ખાલી ન જાય. બધાના હૃદયના પલટા થઈ જાય. બધાને બાહ્યના આગ્રહો, મતમતાંતર અને આગ્રહો છૂટી જાય. અંતરમાં કાંઈક બીજું કરવાનું છે એવું થઈ જાય.

પ્રગટ અને અપ્રગટ મેળ જ છે. પર્યાયનું સ્વરૂપ તો પ્રગટ છે અને દ્રવ્ય અપ્રગટ છે. પોતે જાણતો નથી દ્રવ્ય અપ્રગટને. એ તો શક્તિમાં છે. દ્રવ્ય કાંઈ કોઈએ છૂપાવ્યું નથી. દ્રવ્ય પ્રગટ છે.

પ્રશ્ન :- દ્રવ્યને અપ્રગટ પણ કહે છે અને પ્રગટ પણ કહે છે.

ઉત્તર :- હા. બેય કહે છે. પર્યાય અપેક્ષાએ અપ્રગટ પણ પોતે પોતાથી પ્રગટ છે. પર્યાય પોતે પરિણમનસ્વરૂપ છે એટલે એને પ્રગટ કહેવાય છે. મેળ જ છે.

પ્રશ્ન :- મેળ તો છે પણ અમને મેળ થાતો નથી. કોઈ રીતે અપ્રગટનો આશ્રય કેમ કરવો?

ઉત્તર :- અપ્રગટનો? અપ્રગટ એ પોતે સ્વરૂપે તો પ્રગટ છે. એનો આશ્રય લેવાયોગ્ય છે. એનો સ્વભાવ તો પ્રગટ જ છે. પર્યાય તો એને વેદનમાં આવે છે એટલે એને પ્રગટ કહેવાય છે. વિભાવમાં તો રાગ-દ્વેષનું વેદન છે. સ્વભાવમાં શુદ્ધ પર્યાયનું વેદન છે. સ્વાનુભૂતિનું વેદન છે. દ્રવ્યને એની અપેક્ષાએ એને અપ્રગટ કહેવાય પણ દ્રવ્ય પોતે સ્વરૂપે પ્રગટ છે. એનો આશ્રય લેવા યોગ્ય છે, આશ્રય લઈ શકાય છે. એનો સ્વભાવ ગ્રહણ કરે તો આશ્રય લઈ શકાય છે. જ્ઞાયકસ્વભાવ છે પોતે તે આશ્રય લેવા યોગ્ય છે અને લેવાય છે.

પ્રશ્ન :- કાર્ય પર્યાયમાં થાય તો પછી મહત્ત્વ તો પર્યાયનું જ હોવું જોઈએ.

ઉત્તર :- કાર્ય પર્યાયમાં થાય પણ કોને આશ્રયે થાય છે? જેનો આશ્રય હોય એનું મહત્ત્વ છે. અનંત શક્તિથી ભરેલો આત્મા છે. પર્યાય તો એક ક્ષણ પૂરતી છે. ક્ષણે ક્ષણે નવી નવી પર્યાય થાય છે. માટે મહત્ત્વ તો દ્રવ્યનું છે કે જે અનંત શક્તિઓથી ભરપૂર છે. ગમે તેટલી પર્યાયો પ્રગટ થાય તોપણ એનો સ્વભાવ તો ખૂટતો જ નથી. એ તો અનંત અનંત સ્વભાવથી ભરેલો છે. અનંત કાળ સુધી આનંદ પ્રગટ થયા કરે તોપણ એ તો અનંત ને અનંત રહે છે. અનંતુ જ્ઞાન છે. લોકાલોકને એક સમયમાં જાણે છે. પણ બીજે ક્ષણે એનું જ્ઞાન પણ ખૂટતું નથી કે આટલું જાણ્યું એટલે જ્ઞાન ખૂટી ગયું એમ પણ નથી. એ તો અનંત શક્તિથી ભરેલું સામર્થ્ય દ્રવ્યમાં છે. દ્રવ્યની મહત્તા છે.

પર્યાયની મહત્તા એ શુદ્ધ પર્યાય પ્રગટ થઈ અને શુદ્ધ વેદનમાં આવે છે. કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સાધનાની પર્યાય પ્રગટ થાય છે. માટે એ અપેક્ષાએ પર્યાયે પણ પોતાના સ્વભાવનો આશ્રય કર્યો માટે મહત્ત્વવાળી છે. પણ દ્રવ્ય તોપણ અનંત શક્તિથી ભરેલું છે માટે દ્રવ્ય તો મહામહિમાવંત છે. કેવળજ્ઞાન મહિમાવંત છે પણ એનો જેને આશ્રય છે દ્રવ્યનો એ દ્રવ્ય તો એનાથી પણ મહિમાવંત છે.

પ્રશ્ન :- દ્રવ્ય અને પર્યાય આમ તો એકદમ નજીક છે.

ઉત્તર :- નજીક જ છે. કાંઈ જુદા થોડા છે? દ્રવ્યનો આશ્રય કરવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. શુદ્ધ

પર્યાય પોતે પરિણમે છે. પર્યાય જુદી છે અને દ્રવ્ય જુદું છે એવું નથી. એ તો અંશ અંશીનો ભેદ છે. બાકી પર્યાય કાંઈક જુદી છે અને દ્રવ્ય કાંઈક જુદું એકબીજાના (ક્ષેત્ર) એકદમ અલગ અલગ છે એવું તો નથી.

પ્રશ્ન :- બે ભાગ નથી?

ઉત્તર :- બે ભાગલા નથી એના. બે દ્રવ્યના બે ભાગલા છે એમ દ્રવ્ય-પર્યાયના બે ભાગલા છે એમ નથી. એને તો આ અંશી આખો છે અને ઓલા અંશ છે. એટલો ભેદ છે. એને ગોતવા માટે આઘું જાવું પડતું નથી. દ્રવ્યના આશ્રયે પર્યાય થાય છે. માટે દ્રવ્યને ગોતવા માટે ક્યાંય બીજે જાવું પડે છે એવું નથી. બેય નજીક જ છે. દૂર-દૂર નથી.

જેને આશ્રયે પર્યાય થાય છે એ દ્રવ્ય કેવું છે? એમ દ્રવ્યનો મૂળ સ્વભાવ જોવે તો દ્રવ્ય પોતાનું અસ્તિત્વ ધરાવે છે અને એ એના લક્ષણથી ઓળખી શકાય એવું છે. અનાદિ કાળથી પર્યાય ઉપર દૃષ્ટિ છે માટે એ દ્રવ્ય ઓળખાતું નથી. દૃષ્ટિ એની બહાર છે. વિભાવપર્યાય ઉપર દૃષ્ટિ છે એટલે એ સ્વભાવને ઓળખતો નથી. એટલે એને દૂર લાગે છે. પણ દૂર છે નહિ. પોતે જ છે એમાં દૂર ક્યાં હતો? દૂર એને ભ્રાંતિમાં દૂર થઈ પડ્યું છે. દૂર નથી. નજીક જ છે. એ બહારની વસ્તુ નથી કે એને ગોતવા જાવી પડે. પોતે જ છે. પોતે જ અંદરમાં ઓળખાય એવો છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ બધું દ્રવ્યનું સ્વરૂપ છે.

પ્રશ્ન :- ત્રણેની મહત્તા છે એની રીતે.

ઉત્તર :- દરેકની અપેક્ષાએ દરેકનું મહત્ત્વપણું છે. દ્રવ્ય અનંત શક્તિઓથી ભરેલું છે માટે દ્રવ્ય પણ મહિમાવંત, મહામહિમાવંત છે. અનંત શક્તિઓ બધી દ્રવ્યમાં ભરી છે. પણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે પણ મહિમાવંત છે. સાધકદશા મહિમાવંત છે, પૂર્ણ કેવળજ્ઞાન મહિમાવંત છે. શુદ્ધ દ્રવ્યના આશ્રયે જે પર્યાય પ્રગટ થઈ એ શુદ્ધરૂપે પરિણમી તે પર્યાય પણ મહિમાવંત છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રય તે બધા મહિમાવંત છે. એનો આશ્રય જેને છે એ દ્રવ્ય એ મહામહિમાવંત છે. બધાનો આશ્રય એક દ્રવ્ય છે.

પ્રશ્ન :- 'પ્રવચનસાર'માં છેલ્લી પાંચ ગાથાને પાંચ રત્ન કહ્યા. એમાં તો સંસારતત્ત્વનું વર્ણન આવે છે.

ઉત્તર :- પંચ રત્ન છે. એ દ્રવ્ય પોતે રત્ન છે ને. પંચ રત્ન. એને રત્ન અપેક્ષાએ કીધું છે. સ્વભાવને ઓળખે તો એ બેય સામસામું છે. સંસાર ઓળખવાનું વચ્ચે હોય છે. વિભાવ અને સ્વભાવ. મિથ્યત્વ ગુણસ્થાન કીધું છે. મિથ્યાત્વ ગુણસ્થાન એ ગુણરૂપે એને કઈ રીતે કહેવું? ઊંધી પર્યાય તો એને ગુણસ્થાન કીધું છે. એમ આ પોતે સ્વભાવરૂપે આત્મા નથી અને એ રૂપે પરિણમ્યો તો એને રત્ન કીધું છે. મિથ્યાત્વ ગુણસ્થાન એ કાંઈ ગુણોની ભૂમિકા નથી.

પ્રશ્ન :- ગુણનું સ્થાન નથી.

ઉત્તર :- ગુણનું સ્થાન, નામ ગુણસ્થાન કીધું છે. ગુણથી ભરેલો આત્મા એની ઊંધી પર્યાયને ગુણનો આરોપ કીધો છે.

પ્રશ્ન :- એની પર્યાય છે માટે.

ઉત્તર :- માટે. આમ રત્નાકર આત્મા એની ઊંધી પર્યાયને રત્નનો આરોપ કીધો છે.

પ્રશ્ન :- સાંભળવામાં તો એમ લાગે આ તરત કરી શકાય એવું છે. પ્રયોગમાં લાવવું ત્યાં પાછું બધું ફેરફાર થઈ જાય છે.

ઉત્તર :- પુરુષાર્થ કરે તો થાય. અનાદિનો અભ્યાસ બહારનો છે એટલે થઈ શકતું નથી. પણ સ્વભાવ પોતાનો છે માટે થઈ શકે એવું છે. પ્રયોગમાં મૂકવું એને મુશ્કેલ પડે છે. વિચાર કરે અને નિર્ણયમાં બેસે તોપણ એને પુરુષાર્થ કરીને પાછું વળવું, પરિણતિને પાછી વાળવી એને મુશ્કેલ પડે છે. પરિણતિ અનાદિની વિભાવ સાથે એકત્વ

થઈ રહી છે. એને છૂટી પાડવી એ એકદમ એને પુરુષાર્થ કરવો મુશ્કેલ પડે છે. પણ થઈ શકે એવું છે. અનંતા મોક્ષ ગયા છે એ બધા પુરુષાર્થ કરીને જ ગયા છે. ચૈતન્યને ઓળખીને જ ગયા છે. અનાદિનો અભ્યાસ એને તોડીને પોતાનો સ્વભાવ જે અનાદિનો છે એને પ્રગટ કર્યો છે. સ્વભાવ પોતાનો અનાદિ જે શાશ્વત છે એને પ્રગટ કર્યો. આ વિભાવના સંસ્કારને તોડી નાખ્યા છે. અનંતા જીવો એ રીતે સાધનાને પામ્યા અને મોક્ષ ગયા છે.

પ્રશ્ન :- મુનિવરો તો મોટા નિધાન આપી ગયા છે.

ઉત્તર :- નિધાન આપ્યા છે, ખજાના ખોલી દીધા છે. મુક્તિની પર્યાય અને એ બધું કેમ પ્રગટ થાય એ માર્ગ બતાવ્યો છે. શાસ્ત્રોમાં આવે છે, 'ગુરુદેવે' એના રહસ્યો ખોલ્યા છે. સીધી રીતે શાસ્ત્ર પહેલા કોઈ સમજતું નહોતું. 'ગુરુદેવે' બધા રહસ્યો ખોલ્યા છે. એક શબ્દે શબ્દનો અર્થ કરીને એના કેવા ભાવ ઊંડા છે એ 'ગુરુદેવે' ખોલ્યા છે.

બધાં ક્યાંય હતા. બાહ્ય ક્રિયામાં પડેલા હતા. મિથ્યામાં, કુદેવ, કુગુરુ બધું માનતા હતા. અને શુભભાવથી ધર્મ થાય એ બધી માન્યતાઓ કેટલી સ્થૂળ માન્યતા હતી. એમાંથી કેટલું 'ગુરુદેવે' દ્રવ્ય-ગુણ-પર્યાયનું સમજાવ્યું, એમાંથી દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં અત્યારે બધા પડી ગયા છે. ઓલું બધું ક્યાંય પડ્યું રહ્યું. એ તો બધું સ્થૂળ. અત્યારે આ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ગુરુદેવે સમજાવ્યું. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારમાં બધા (આવ્યા) અને એના વિચારો અત્યારે આવે છે. બહારથી ધર્મ થાય એવું માનતા હતા. સામાયિક કરીએ તો ધર્મ થાય, પ્રતિક્રમણના પાઠ બોલીએ તો ધર્મ થાય, ઉપવાસ કરીએ તો ધર્મ થાય એવી બધી માન્યતા બહારથી હતી. વળી બહુ કરે તો શુભભાવ રાખે તો ધર્મ થાય. એટલું માને. પણ એ શુભભાવ પણ આત્માનો સ્વભાવ નથી. પુણ્યબંધનું કારણ છે. એ 'ગુરુદેવે' વારંવાર કીધું. એટલે બધાને એટલું બેઠું. વારંવાર ઘૂંટાવ્યું. નહિતર એ સંપ્રદાયના આગ્રહ તૂટવા એ 'ગુરુદેવ'ની વાણી એવી જોરદાર હતી તો તૂટી ગયા.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'નું પરિવર્તન પણ આખા સમાજનું પરિવર્તન થયું.

ઉત્તર :- સમાજનું પરિવર્તન થયું.

મુમુક્ષુ :- શુભનું વજન રહી જાય છે વારંવાર એ ખસતું નથી.

ઉત્તર :- શુભમાં શુભની રુચિમાં અટકી જાય છે. શુભ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. અશુભભાવથી બચવા માટે શુભભાવો વચ્ચે આવે છે. જિનેન્દ્રદેવની ભક્તિ, ગુરુની ભક્તિ, શાસ્ત્રનો સ્વાધ્યાય, તત્ત્વ વિચાર બધું આવે છે. શુભભાવો વચ્ચે આવ્યા વગર રહેતા નથી. પણ જો એની રુચિ (રાખે કે) એનાથી ધર્મ થાય એમ માને તો એને યથાર્થ શ્રદ્ધા નથી. પોતે એનાથી પણ છૂટો છે, એ સ્વભાવ પોતાનો નથી. એવી શ્રદ્ધા રાખી અને શુભભાવમાં જોડાય કે આ મારું સ્વરૂપ નથી. આત્મા હજી અંદર પ્રગટ થયો ન હોય અને શુભને છોડી દે તો અશુભમાં જાય. શુભ વચ્ચે આવ્યા વગર રહેતું નથી. પણ શુભ પોતાનો સ્વભાવ નથી. મુનિવરોને પણ શુભભાવો આવે છે. પંચ મહાવ્રતના, દેવ-ગુરુ-શાસ્ત્રના, ભક્તિના બધા આવે છે.

પ્રશ્ન :- મુનિવરોએ ભક્તિ કરી છે.

ઉત્તર :- ભગવાનની. સ્તોત્ર રચ્યા છે.

પ્રશ્ન :- ભક્તિમાં પણ તત્ત્વ મૂક્યું છે.

ઉત્તર :- તત્ત્વ છે. ગૃહસ્થાશ્રમમાં તો આવે. મુનિવરોને આવે તીવ્ર, તો સમ્યગ્દર્શન હોય ત્યાં તો આવે જ છે.



## 'દ્રવ્યદષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૪૩)

કલકત્તા
૧૦-૯-૬૩

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી....**

આપનો કેટલાયે દિવસો પહેલાં પત્ર આવ્યો હતો. 'શ્રી પંચાધ્યાયી'ના દર્શન-જ્ઞાન વિષયક ગાથાઓનો ઉલ્લેખ હતો. પુસ્તકનો અહીં સહજ યોગ બની શક્યો નથી. સોનગઢમાં અપેક્ષાકૃત આ વિષયોનું સમાધાન અને ચર્ચા થઈ હતી એવું સ્મરણમાં છે. તમને ત્યાંથી સમાધાન થઈ શકશે. જાણ્યા પછી ખુલાસો લખશો.

ચૈતન્યપ્રતિમા અને ચેતનપરિણતિના સ્વતંત્ર અસ્તિત્વની યથાર્થ કબૂલાત કરીને ચેતનપ્રતિમામાં પોતાને સ્થાપન કરતાં જ પરિણતિ (ચૈતન્ય) પ્રતિમાનું આલિંગન કરવા લાગે છે, જે ઈષ્ટ છે.

ધર્મસ્નેહી
**નિહાલચંદ્ર**

(૪૪)

કલકત્તા
૧૦-૬-૬૩

**આત્માર્થી....**

આપનો તા. ૩-૯ નો પત્ર મળ્યો. અગાઉનો પત્ર પણ સમયસર મળ્યો હતો.

આપે દશલક્ષણી પર્વ ત્રણ લોકમાં પરમ ઉત્તમ, નિર્ભય બનાવનાર, પરમ નિર્ભિક સિંહ-સ્વરૂપ એવા 'શ્રી ગુરુદેવ'ના સાન્નિધ્યમાં મનાવ્યું હશે. તેઓ કહે છે કે, 'સ્વભાવ અંશમાં જરાયે દોષ નથી.' નિત્ય સ્વભાવમાં દૃષ્ટિ થંભી જવાથી ઉત્પન્ન થયેલા સહજ સ્વભાવમાં ક્ષમા આદિના દૂષિત ભાવો પ્રત્યક્ષ પરાશ્રિત-પરના (જડના) છે, તેથી સહજ ક્ષમાભાવ ત્રિકાલ જયવંત વર્તો. આપણે કદી દોષ કર્યો જ નથી એવો સ્વભાવ નિરંતર વૃદ્ધિ પામો. વિભાવના ગુંજારવમાં ગુંજતો રહેતો અજ્ઞાન ભાવ સહજ નાશ પામો. વિભાવમાં બંધાઈ જશો નહીં. સ્વભાવની સીમામાં નિરંતર અડગ સ્થિર રહો. ક્ષણિક વિભાવ વેદાઈ જતાં તે અધિકની સીમાને પાર કરી શકતો નથી. (એક

સમયમાં વેદાઈ જાય છે.) એથી તે ત્યાં જ લય પામી જાય છે.

કર્તા-કર્મ-ક્રિયાના ભેદ જેમાં ભાસતા નથી,
અકર્તૃત્વ શક્તિ અખંડ રીત ધરીને રહે છે;
એના શોધક બનીને જ્ઞાન માંહિ જાણી લેજો,
તેનું લક્ષ થતાં અનંત સુખ પ્રાપ્ત થાય છે.

જ્ઞાનકણિકા પત્ર દ્વારા મંગાવી પણ તે તો તમારી પાસે જ છે. સ્વ-અવલંબનથી સહજ જ વિભાવથી અલગ થઈને, તે (જ્ઞાનકણિકા) પ્રગટતી રહે છે. હે શશીભાઈ ! અનેકાનેક જીવોની યોગ્યતા અક્ષય સુખના ઉદયની છે, તેથી તીર્થંકરથીયે અધિક એવા સત્પુરુષનો યોગ પ્રાપ્ત થયો છે. જેમની નિત્ય પ્રેરણા ત્યાંથી (સોનગઢના સત્પુરુષથી) વિમુખ કરાવીને પોતાના નિત્ય ભંડારની તરફ લક્ષ્ય કરાવતી રહે છે. અહીંથી જ પૂજ્ય 'ગુરુદેવ'ના ન્યાયો અનુભવસિદ્ધ બનીને દ્રઢતા પ્રાપ્ત કરાવે છે.

'જિન (નિજ) સુમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનેન,
જિન ધ્યાયંતે પરમ પદ, લહિએ એક ક્ષણેણ.'
(જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો સુમનથી-સમ્યગ્જ્ઞાનથી,
જિન ધ્યાન કરતાં પરમપદ, લહીએ ક્ષણ એકે.)

વાત્સલ્યાનુરાગી
**નિહાલચંદ્ર**

## સચ્ચિદાનંદ પ્રભુ છે બેન!

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ—એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (—સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાંઃ આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમવસરણમાં આમ વાત ચાલતી, ભાઈ! .. અરે..! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી (ધન્ય અવતારમાંથી સાભાર ઉદ્ધૃત)




## પત્રાંક—૨૦૦

મુંબઈ, માહ સુદ, ૧૯૪૭

### વચનાવલી

૧. જીવ પોતાને ભૂલી ગયો છે, અને તેથી સત્‌સુખનો તેને વિયોગ છે, એમ સર્વ ધર્મ સમ્મત કહ્યું છે.

૨. પોતાને ભૂલી ગયારૂપ અજ્ઞાન, જ્ઞાન મળવાથી નાશ થાય છે, એમ નિઃશંક માનવું.

૩. જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાની પાસેથી થવી જોઈએ. એ સ્વાભાવિક સમજાય છે, છતાં જીવ લોક-લજ્જાદિ કારણોથી અજ્ઞાનીનો આશ્રય છોડતો નથી, એ જ અનંતાનુબંધી કષાયનું મૂળ છે.

૪. જ્ઞાનની પ્રાપ્તિ જેણે ઇચ્છવી તેણે જ્ઞાનીની ઇચ્છાએ વર્તવું એમ જિનાગમાદિ સર્વ શાસ્ત્ર કહે છે. પોતાની ઇચ્છાએ પ્રવર્તતાં અનાદિ કાળથી રખડ્યો.

૫. જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી.

૬. જ્ઞાનીની આજ્ઞાનું આરાધન તે કરી શકે કે જે એકનિષ્ઠાએ, તન, મન, ધનની આસક્તિનો ત્યાગ કરી તેની ભક્તિમાં જોડાય.

૭. જોકે જ્ઞાની ભક્તિ ઇચ્છતા નથી, પરંતુ મોક્ષાભિલાષીને તે કર્યા વિના ઉપદેશ પરિણમતો નથી, અને મનન તથા નિદિધ્યાસનાદિનો હેતુ થતો નથી, માટે મુમુક્ષુએ જ્ઞાનીની ભક્તિ અવશ્ય કર્તવ્ય છે એમ સત્પુરુષોએ કહ્યું છે.

૮. આમાં કહેલી વાત સર્વ શાસ્ત્રને માન્ય છે.

૯. ઋષભદેવજીએ અઠ્ઠાણું પુત્રોને ત્વરાથી મોક્ષ થવાનો એ જ ઉપદેશ કર્યો હતો.

૧૦. પરીક્ષિત રાજાને શુકદેવજીએ એ જ ઉપદેશ કર્યો છે.

૧૧. અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.

૧૨. શાસ્ત્રમાં કહેલી આજ્ઞાઓ પરોક્ષ છે અને તે જીવને અધિકારી થવા માટે કહી છે; મોક્ષ થવા માટે જ્ઞાનીની પ્રત્યક્ષ આજ્ઞા આરાધવી જોઈએ.

૧૩. આ જ્ઞાનમાર્ગની શ્રેણી કહી, એ પામ્યા વિના બીજા માર્ગથી મોક્ષ નથી.

૧૪. એ ગુપ્ત તત્ત્વને જે આરાધે છે, તે પ્રત્યક્ષ અમૃતને પામી અભય થાય છે.

ઇતિ શિવમ્

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઑગસ્ટ-૨૦૧૯)નું શુલ્ક સ્વ. શ્રી ન્યાલચંદ્ર વોરા પરિવાર, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**